Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

—ચૈત્ર—વૈશાખ—


પુસ્તક ૭૩ મું
અંક ૬-૭
૧ લી એપ્રીલ

વીર સં. ૨૪૮૩
વિ. સં. ૨૦૧૩
ઈ. સ. ૧૯૫૭


★ ★

कसिणं पि जो इमं लोयं,
पडिपुण्णं दलेज्ज इक्कस्स ।
तेणाऽवि से न संतुस्से,
इइ दुप्पूरए इमे आया ॥ ५ ॥

सुवण्ण-रूप्पस्स उ पव्वया भवे,
सिया हु केलाससमा असंखया ।
नरस्स लुद्धस्स न तेहि किंचि,
इच्छा हु आगाससमा अणन्तिया
॥ ८ ॥

કોઈ એક મનુષ્યને કદાચ તમામ પદાર્થોથી હર્યો-ભર્યો આખો ય આ લોક દઈ દેવામાં આવે તો પણ તેનાથી મનુષ્યને સંતોષ થતો નથી અને એ રીતે આ આત્મા ભારે દુષ્પૂર છે, અર્થાત્ આત્માની તૃષ્ણા એવી અગાધ છે કે તેને ગમે તેટલું મળે કે આપવામાં આવે તો પણ તે કદી સંતોષ-તૃપ્તિ પામતો નથી.

ચાંદી અને સોનાના પર્વતો પોતાની પાસે ખડકેલા હોય, અરે! તે પણ નાના-સૂના નહિ, પરંતુ હિમાલય જેવા ખરેખર ઊંચા હોય, અરે! તેવા બે-ચાર પર્વતો નહીં પરંતુ અસંખ્ય પર્વતો ખડકેલા હોય તો પણ લાલચુ-લુબ્ધ-લોભી મનુષ્યો તેનાથી ધરાતા નથી, એના મનમાં આટલી બધી સંપત્તિ જાણે કશું જ નથી તેમ લાગે, કારણ કે આશા-તૃષ્ણા આકાશ જેવી અનંત છે.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૩ મું : : વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી શાન્તિનાથ જિન સ્તવન .... .... | (મુનિરાજશ્રી રુચકવિજયજી) | ૮૧ |
| ૨ | શ્રી મહાવીર જન્મ કલ્યાણક .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૮૨ |
| ૩ | શ્રીમહાવીરપ્રાર્થનાશતકમ્ (૪) .... | (સ્વ. પં. હરગોવિંદદાસ ત્રિકમદાસ) | ૮૩ |
| ૪ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : ૧૬ .... .... .... | (સ્વ૦ મૌક્તિક) | ૮૪ |
| ૫ | પ્રાર્થના પ્રભુ સુધી શી રીતે પહોંચે ? | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૮૬ |
| ૬ | અદ્ભુત વિવાદ-સભા .... .... | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૮૯ |
| ૭ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક : ૪ .... | (અનુ. આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરિજી મ.) | ૯૨ |
| ૮ | 'તપ'ગચ્છના છ નામ અને એની ઉત્પત્તિ | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા M. A.) | ૯૪ |
| ૯ | કડવાં ફળ છે રે ક્રોધના .... .... | (શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ) | ૯૬ |
| ૧૦ | પુસ્તકોની પહોંચ .... .... .... .... .... .... | | ટા. પે. ૩ |


### સંયુક્ત અંક

આ વખતનો "શ્રી જૈન ધર્મ પ્રકાશ"નો અંક ચૈત્ર તેમજ વૈશાખ માસના સંયુક્ત અંક તરીકે પ્રકાશિત કરવામાં આવેલ છે એટલે હવે પછીનો જ્યેષ્ઠ માસનો અંક તા. ૧ લી જુન ૧૯૫૭ જેઠ શુદ ત્રીજના રોજ પ્રકાશિત કરવામાં આવશે.

---


### રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ના અન્વયે

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિસ્થળ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો, ભાવનગર

૨. પ્રસિદ્ધિક્રમ : દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે.

૩. મુદ્રકનું નામ : સાધના મુદ્રણાલય, ઠેકાણું-દાણાપીઠ પાછળ, ભાવનગર.
કયા દેશના ભારતીય.

૪. પ્રકાશકનું નામ : દીપચંદ જીવણલાલ શાહ, ઠેકાણું-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર
કયા દેશના-ભારતીય.

૫. તંત્રીનું નામ : ઉપર પ્રમાણે.

૬. માસિકના માલીકનું નામ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો, ભાવનગર

હું દીપચંદ જીવણલાલ શાહ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૨૫-૩-૫૭ દીપચંદ જીવણલાલ શાહ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૩ મું | ચૈત્ર—વૈશાખ | વીર સં. ૨૪૮૩
અંક ૬-૭ | | વિ. સં. ૨૦૧૩

શ્રી લીંબડીમંડન

# શ્રી શાન્તિજિન સ્તવન

( જગપતિ ! વીરમાં તું મહાવીર-એ દેશી )

જગપતિ ! શાન્તિ જિણંદ મહારાજ, મૂર્તિ મનોહર મનગમી;
જગપતિ ! લીંબડી નયર મોઝાર, નિત્ય નમું હું લળીલળી. ૧

જગપતિ ! જેણે પરમાણુએ દેહ, નિર્માણો તેહ વંદીએ;
જગપતિ ! શાન્ત મુદ્રા ઘણું તેજ, નયન પદ્મપત્ર પેખીએ. ૨

જગપતિ ! અષ્ટમી ચન્દ્ર વિશાલ, ભાલ તિલક બહુ રાજતા;
જગપતિ ! નાસિકા પુષ્ટ કપોલ, કર્ણ ઓષ્ટ બેહુ દીપતા. ૩

જગપતિ ! કર બેહુ લક્ષણોપેત, ચરણ ગ્રીવા ઉર મન ગમે;
જગપતિ ! ઉદર નાભિ ઘણું હેત, ઉપજાવે મન ગહગહે. ૪

જગપતિ ! સઘળો દીઠે દેદાર, ભવ્ય કુમુદ વન વિકસે;
જગપતિ ! રુચકવિજય મહારાજ, ભવકારાગારથી નિકશે. ૫

—મુનિરાજશ્રી રુચકવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જન્મ કલ્યાણક

( શાર્દૂલવિક્રીડિત )

શોભાવે અમરેન્દ્ર દેવ સુષમા સિંહાસને બેસિયો,
ચર્ચા સૌ ત્રિદિવો કરે સુખદ ત્યાં દેવેન્દ્ર છે ચોંકિયો;
કંપ્યું આસન તે ક્ષણે અવધિના જ્ઞાનેકરી જાણિયું,
શ્રીમદ્વીર જિનેંદ્રજન્મ ભરતે તીર્થેશનો માનિયું. ૧
ઘંટાનાદ સુઘોષણા અમરમાં સર્વત્ર આનંદની,
જન્માનંદતણી કરી પ્રતિપદે ઉદ્ઘોષણા દેવની;
આવો મેરુ ગિરીંદ્રમાં પ્રભુતણા જન્માભિષેક ક્ષણે,
નીર ક્ષીરસમુદ્રનું સહુ ભરી કુંભો ભલા સ્નાત્રને. ૨
દેવેન્દ્રે જઇને સ્વયં મગધમાં સિદ્ધાર્થના મંદિરે,
માતા શ્રી ત્રિશલાતણા ચરણમાં વંદી પ્રભુને હરે;
મૂકી અન્ય પ્રતીક ત્યાં જઇ રહ્યો મેરુ ગિરીંદ્રે યદા,
હર્ષોત્ફુલ્લ થઇ સુરેંદ્રનગરી તીર્થેશ આવે તદા. ૩
ઈંદ્રાણી અમરેંદ્ર સૌ નિયમથી કુંભો ભરી લાવિયા,
દેવેન્દ્રે નિજ રૂપ પંચવિધિના ધારી પ્રભુ ઝાલિયા;
શોચે ઈંદ્ર અસંખ્ય કુંભ નિરખી જોઇ પ્રભુ બાલને,
એ સૌ સાગરતુલ્ય કેમ સહશે શ્રીવીર એ સ્નાનને? ૪
જ્ઞાની બાલક વર્ધમાન ભ્રમણા દેવેન્દ્રની જાણતા,
અંઘ્રી મેરુ ગિરીંદ્ર ઉપર મૂકી કંપાવિયો સ્હેજમાં;
ચોંકયો ઈંદ્ર ગિરીશકંપ સમજી શું વિઘ્ન આવ્યું કહે,
જાણી શ્રી પ્રભુની કૃતિ નિજ મને લજ્જા ઘણી એ લહે. ૫
નાચે વીર જિનેંદ્રના ચરણના સ્પર્શે સુમેરુ નગ,
માને ધન્ય નિજાત્મને પુનિત ને થૈ થૈ કરે એ નગ;
શક્તિ જેહતણી અગાધ મહિમા જેનો જગે ગાજતો,
હોજો વંદન તે જિનેશ પ્રભુને જે ધર્મ સંબોધતો. ૬
આવે છે ઋષિ ઈંદ્રભૂતિ મનની શંકા સમુદ્ધારવા,
સાધ્વી ચંદનબાલિકા સુમતિને સંસારથી તારવા;
સ્થાપી તીર્થ જિનેન્દ્રભાષિત જગે ઉદ્ધારને સ્થાપવા,
તે શ્રી વીરજિનેંદ્રનું સ્મરણ હો ભવ્યોતણે તારવા. ૭
જેના જન્મતણા પવિત્ર સમયે સ્વર્લોક આનંદિત,
તેવો નરકલોકમાં પણ થયો ઉદ્યોત જે સૌખ્યદ;
સંતો પૃથ્વીતળે વસે નર અને નારી થયા હર્ષિત,
તે શ્રી વીરજિનેશ જન્મદિવસે બાલેન્દુ ભાવે નત. ૮

—શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीमहावीरप्रार्थनाशतकम्

कर्ता–स्व. पंडित हरगोविंददास त्रिकमदास शेठ

( ४ )

दुःखिनो दुःखबीजस्य, मूलादुन्मूलनेन ते ।
कृपावतः समर्थस्य, कृपायाश्चरितार्थता ॥ ३६ ॥
स्वाभावो वेश ते दुःखिदुःखनाशि कृपापरः ।
कथं पर्यनुयोज्यः स, पावकस्येव दाहकः ॥ ३७ ॥
किं स्तुमस्तं स्वभावं ते, नीरागस्यापि देहिनाम् ।
चिन्तामणेरिवाधीश, यो ददाति समीहितम् ॥ ३८ ॥
अतो योग्यतया मुक्ते, निर्गुणेऽथ च दुखिनि ।
स्वभावकरुणोऽसीति, विधेहि करुणां मयि ॥ ३९ ॥
त्वादृशः करुणावान् न, कृपापात्रं न मादृशम् ।
अतो न युज्यते कर्तु, विलम्बः करुणां तव ॥ ४० ॥
चिरेण वाऽचिरेणेश, कर्तव्येव कृपा त्वया ।
परित्यज्य विलम्बं तत्, सुयशो लभ्यते न किम् ॥ ४१ ॥
विलम्बेन विना तस्मात्, कुरु त्वं करुणां मयि ।
अपाकुरु च मे दुःखमिति त्वां प्रार्थये प्रभो! ॥ ४२ ॥
प्रार्थना वीतरागस्य, निष्फलेति मृषा वचः ।
फलन्ति किं न नीरागा, अपि कल्पद्रुमादयः ॥ ४३ ॥
महतां महनीयोऽसि, गुरूणां, गुरुरप्यसि ।
वाचां न गोचरश्चासि, शक्या ते प्रार्थना कथम् ? ॥ ४४ ॥
अथवा प्रार्थनापेक्षा, निरपेक्षस्य केव ते ।
विनैव प्रार्थनां दाने, महत्वं महतो महत् ॥ ४५ ॥
विना प्रार्थनयापीश, बहुभिर्भविभिस्तव ।
कृपा लब्धा सुलब्धं च, फलं तैर्निजजन्मनः ॥ ४६ ॥
अहमप्यागतोऽस्मीश, निकषा त्वां महाशया ।
बहूनामिव मेऽप्यद्य, कुरुष्वाशां फलेग्रहिम् ॥ ४७ ॥
न याचे धनसंपत्तिं, विपत्तौ परिणामिनीम् ।
प्रभूतां प्रभुतां भूतावेश–क्लेशकरीं न वा ॥ ४८ ॥

( क्रमशः )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

૧૬

મરીચિના ભવમાં રખડપાટો આદર્યો હતો તેનો કાંઈક છેડો આવવાની સંભાવના થઈ હતી તે પર એણે હડતાળ મૂકી દીધી અને પાપનું પ્રાયશ્ચિત્ત કર્યા વગર, કરેલ વિચારણાને પાછી ખેંચ્યા વગર કે ગુરુ સમક્ષ નિવેદન કર્યા વગર એ મનમાં ને મનમાં બળ્યા કર્યો, વિશાખનંદી પરનો આમર્ષ માનસિક દૃષ્ટિએ પાકો કરતો ગયો અને એકઠી કરેલ પૂંજીનો દુરુપયોગ કરતો ગયો. આવી રીતે પ્રાણી પોતાના માર્ગને બગાડી મૂકે છે અને લખચોરાસીના ચક્કરમાં પડી જઈ અહીં તહીં અફળાયા કરે છે.

મરીચિના ભવમાં ત્રિદંડીપણું લઈ જે પોતાનો પ્રગતિ માર્ગ ડખોળી નાખ્યો હતો, તેનો માંડ માંડ છેડો આવતો જણાતો હતો, સાધુધર્મ સ્વીકારી પોતાની જાતને રસ્તે ચઢાવી હતી, મહા તપસ્યા કરી આત્મિક તેજમાં વધારો કરવા માંડ્યો હતો ત્યાં આક્રોશ પરિષહનો પ્રસંગ આવ્યો અને તે વખતે વિશ્વભૂતિ કસોટીમાં પસાર ન થયા યતિને બાવીશ પરીષહો ખમવાના છે. એમાંના કેટલાક અનુકૂળ હોય છે, ઘણાખરા પ્રતિકૂલ હોય છે. તેમાં બારમો પરીષહ 'આક્રોશ' નામનો છે, યતિને કોઈ અજ્ઞાની પુરુષ અનિષ્ટ વચન કહે, તેને ઉશ્કેરવા તેનો તિરસ્કાર કરે, તેની મશ્કરી કરે, ત્યારે પોતાની જાત પર એણે કાબૂ રાખવો જોઈએ. આક્રોશ કરનાર ઉપર સમતા રાખવી જોઈએ. આવા પરિષહો જીવનમાં અનેક પ્રસંગે થાય છે. જો સાધુ તે વખતે તેને તાબે થઈ જાય તો એ યતિમાર્ગથી ચ્યૂત થઈ જાય છે. વિશ્વભૂતિએ તો ગાયને ઉછાળી અને પાછું નિયાણું કરી વિશાખનદીને મારનાર થવાની બાબતમાં મહા-આકરા તપને કઠેકાણે પાડી દીધો.

આવા ભવભ્રમણમાં પ્રાણી વેર વસાવે તે કેટલું ખોટું કરે છે તે હવે જણાશે. આ વિશાખનંદી સાથેનો સંબંધ અઢારમા ભવમાં આવશે ત્યારે નિયાણ-બંધનની વિકૃતતા ખ્યાલમાં આવશે અને જ્યારે એ ભૂલ સમજાશે ત્યારે મહાવીરના છેલ્લા ભવમાં ખેડૂત બનેલા વિશાખનંદી ઉપર મહાવીર ઉપકાર કરશે ત્યારે સંસારચક્રના પ્રત્યેક બનાવો પોતાની અસર કેટલી લાંબી મૂકે છે અને પ્રત્યેક નાનાં મોટાં કાર્ય કે વિચારણાના હિસાબો કેવા આપવાં પડે છે તેનો ખ્યાલ આવશે. વિશ્વભૂતિ કરેલ આક્રોશની આલોચના કર્યા વગર, પાપનું પ્રાયશ્ચિત કર્યા વગર એક કરોડ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી સાતમા શુક્રદેવલોકે દેવ તરીકે ગયા, વિશ્વભૂતિના ભવમાં એ રાજપુત્ર હતા છતાં એને ઘણી સારી તક મળી, એણે પોતાના તપ-યોગથી કર્મનિર્જરા પણ સારી કરી અને માર્ગે આવી રસ્તાસર થવા માંડ્યા હતા ત્યાં અભિમાને ચઢી જઈ એણે આખો માર્ગ ડોળી નાખ્યો અને સારા જીવનને પરિણામે દેવગતિ પામ્યા, પણ અંદર-ખાતે એનાં અભિમાનનાં કર્મફળો એને સત્તામાં ચોંટી ગયાં. કરેલ કર્મો ઉદયમાં ન આવે ત્યાં સુધી તે અંદર પડ્યાં રહે છે તેને 'સત્તાગત કર્મો કહેવામાં આવે છે.

## સત્તરમો ભવ

### સાતમા મહા શુક્રદેવલોકે

વિશ્વભૂતિ લાંબું આયુષ્ય ભોગવી દેવલોકે ગયા, ઉપરનો વિશાખનંદી સાથેનો બનાવ એના વિશ્વભૂતિ તરીકેના જીવનને અંતે બન્યો એની અગાઉ એણે દેવગતિનું આયુષ્ય બાંધી દીધું હતું. અનેક કર્મો સત્તામાં પડી રહે છે તેનો સમય પાકે ત્યારે તે ભોગવાય છે. સાતમે દેવલોકે તો એણે મોજ કરી. એને વિષયો તરફ તો બહુ આકર્ષણ નહોતું, પણ દેવગતિમાં તો આનંદ અને લહેર જ કરવાની છે તેનો તેણે નિરાસંગભાવે લાભ લીધો. વિશ્વભૂતિના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવમાં વિષયરુચિ અલ્પ હતી, આસક્તિ અતિ અલ્પ હતી, પણ કષાય ઉપર એને હજુ પૂરતો કાબુ ન હોતો આવ્યો અને સંસારમાં રખડાવનાર કષાયોને જ સંસાર(કષ)નો લાભ (આય) ગણવામાં આવે છે, એટલે દેવગતિમાં જનાર વિશ્વભૂતિમાં અંદરખાનેથી પોતાની મોટાઈ, પોતાનો દોરદમામ અને પોતાની મહત્તા તો ચાલુ જ રહ્યા. એ દેવલોકમાં પણ બીજા દેવો સાથે વાત કરે તો તેમાં નમ્રતા કરતા દમદાટી વધારે હોય, એ જાય આવે ત્યારે પણ એની ગતિમાં મોટાઇ તરી આવે, એ બોલેચાલે ત્યારે પણ 'અમે' નો વાક્યપ્રયોગ કરે અને પોતાની વાત કરે ત્યારે 'અમે આવા અને અમે તેવા' એવા શબ્દપ્રયોગ મુખ્યત્વે કરીને કરે. વિષય ઉપર સહજ વિરાગ સાથે કષાય તરફ પ્રસારને કારણે એનો સંસાર છેડે આવવાને બદલે એને અંદર ઘસડતો ગયો અને દેવગતિમાં પણ એની ધાંધલ-ધમાલ ચાલુ રહી, સાતમું દેવલોક મહાશુક્ર નામનું કહેવાય છે. તેમાં ચાર પ્રસ્તર છે. તેના પ્રથમ પ્રસ્તરમાં આયુષ્યકાળ ઉત્કૃષ્ટ ૧૪$\frac{૩}{૪}$ સાગરોપમ હોય છે, બીજા પ્રસ્તરમાં ૧૫$\frac{૧}{૨}$, ત્રીજા પ્રસ્તરમાં ૧૬$\frac{૧}{૪}$ અને ચોથા પ્રસ્તરમાં ૧૭ સાગરોપમનો ઉત્કૃષ્ટ આયુષ્યકાળ બતાવ્યો છે. વિશ્વભૂતિનો જીવ આ સાતમા દેવલોકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય લઇ ઉત્પન્ન થયો. એટલે એણે સત્તર સાગરોપમ કાળ ત્યાં દેવગતિ યોગ્ય સ્થૂળ આનંદમાં પસાર કર્યો. આ વિભાગમાં અગાઉ પ્રકરણ બીજામાં જણાવ્યું હતું તે પ્રમાણે સાતમું દેવલોક એકલું છે, એટલે કે ઉત્તર દક્ષિણ બે બે દેવલોક પહેલાંથી ચોથા સુધીમાં કે નવમાથી બારમા સુધીમાં છે તે પ્રમાણે આ સાતમા દેવલોકમાં નથી. એની સમાન ભૂમિ પર એ એકલું છે. એનો ઇંદ્ર સ્વતંત્ર છે, અલગ છે અને એના ઉપરના ચોથા પ્રસ્તરમાં રહે છે. આ આખા દેવલોકમાં કુલ ૪૦૦૦૦ વિમાનો બતાવવામાં આવ્યા છે, એમાં આવલિકાપ્રવિષ્ટ અને પુષ્પાવકીર્ણ એવાં બન્ને જાતિનાં વિમાનોનો સમાવેશ થાય છે. આ સાતમા દેવલોકમાં શરીરમાન ચાર હાથનું બતાવવામાં આવ્યું છે.

આવા સાતમા દેવલોકમાં દેવીની ગેરહાજરી હોય છે. કોઇ વખત પ્રથમના દેવલોકની દેવીઓ ત્યાં આવે છે, ભોગ માનસિક અને પાતળો હોય છે. વિશ્વભૂતિના આખા પ્રગતિ પંથમાં ઇંદ્રિયના વિષયો બહુ મહત્વનો ભાગ ભજવતા નથી. એણે વિષયો તરફ આસક્તિ કે રુચિ બહુ બતાવી નથી, માત્ર હવે પછી થવાના ત્રિપૃષ્ટના અઢારમા ભવમાં શ્રવણેંદ્રિય તરફ એણે આકર્ષણ બતાવ્યું છે, તે સિવાય ઇંદ્રિય વિષય તરફ રુચિ, આકર્ષણ કે આસક્તિનો એક પણ પ્રસંગ નોંધાયેલો જણાતો નથી. વિશ્વભૂતિને વધારે રખડપાટી કષાયથી થઇ દેખાય છે. એના આખા વિકાસમાર્ગને બારીકાઇથી અવલોકતા એનાં કષાયની અસર વારંવાર દેખાઈ આવે છે. એની તરતમતા કેવી હશે, એની માત્રા કેટલી હશે, એની તીવ્રતા, ગાઢતા કે મંદતા કેવા હશે તે તો કહી શકાય નહિ, પણ અવારનવાર કષાયનું પ્રાબલ્ય જોવામાં આવે છે અને કષાય પૈકી માનનો આવિર્ભાવ અવારનવાર ઊપસી આવતો દેખાઇ આવે છે. એની બહુ ઊંડી અસર હોય તો તો એ કષાય ખૂબ સંસાર વધારી મૂકે, પણ દેખાય છે કે એ માનની અસર પણ ઉપરટપકેની હોવા જોઇએ અને મહાવીરના ભવ સુધી પહોંચતાં એ ઢીલી પડતાં પડતાં પાતળી થતી ગઇ એ હવે પછી જોવામાં આવશે. પણ એક અભિમાન સંસારમાં કેટલું રખડાવે છે, કેટલા ફેરા વધારી મૂકે છે અને કયાં કયાં ધકેલી મૂકે છે તે ખાસ વિચારવા જેવું છે. મીઠા લાગતા કષાયો ભારે આકરા પડી જાય છે અને બાંધેલા વૈરો ભારે રખડપાટો કરાવે છે એ લક્ષ્યમાં રહે.

પ્રત્યેક ભવમાં પ્રાણીઓ સાથે જેવા સંબંધ બંધાય છે તેવા પાછા આગળ ચાલે છે. વિશાખનંદી તો ઉદ્યાનમાં અંદર બેસી રહ્યો હતો, એ તો વિશ્વભૂતિના બળપરાક્રમથી વાકેફગાર હતો, છતાં એ સાધુ વિશ્વભૂતિની મશ્કરી કરતી વખતે સામેલ રહ્યો અને તપથી પાતળાં પડી ગયેલા ભાઇ વિશ્વભૂતિને ગાયે જમીન પર ત્રાટક્યો ત્યારે એ પણ હસવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાર્થના પ્રભુ સુધી શી રીતે પહોંચે ?

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

સુપ્રસિદ્ધ આંગ્લ ભાષાના નાટકકાર શેકસપીયરે ઘણા નાટકો રચ્યા છે. એના નાટકોમાં અનેક ઉપદેશક અને હૃદયને હચમચાવી નાખે એવા ઘણા પ્રસંગો આવે છે. એના સુપ્રસિદ્ધ હેમલેટ નાટકમાં એવો એક પ્રસંગ છે કે, મૂળ રાજાનો ભાઇ એની પત્ની અને રાજ્ય પચાવી પાડે છે. આવો ઘોર અન્યાય કરવા છતાં એ પોતાના એક એકાંત ઓરડામાં પ્રભુની પ્રાર્થના કરવા બેસે છે. ત્યારે એના મનમાં એવો વિચાર આવે છે કે–જ્યાં સુધી હું પારકાની પત્ની અને એનું રાજ્ય અન્યાયથી દબાવી બેઠેલો હોઉં ત્યાંસુધી મારી ગમે તેવી પ્રાર્થના પણ પ્રભુના કાન સુધી શી રીતે પહોંચી શકશે? એમ બોલી એ પોતાના મનની વેદના પ્રગટ કરે છે. અને પોતાની પ્રાર્થના કરવાની નાલાયકી બતાવી પોતાને જ તે માટે ગુનેગાર તરીકે પ્રગટ કરે છે.

પ્રસંગ જો કે નાનો સરખો છે. પણ એમાં અખૂટ ઉપદેશ સમાએલો છે. આપણને એક ગામથી બીજે ગામ જવું હોય છે ત્યારે વચમાં પર્વતો, ટેકરાઓ કે નદીનાલાઓ આડા આવતા હોય અને તે ઓળંગવાનું પ્રબલ સાધન આપણી પાસે ન હોય ત્યારે ત્યાં શી રીતે પહોંચી શકાય? આપણી પાસે વચમાં નડતા અવરોધો દૂર કરી શકે એવું આલંબનરૂપ વાહન ન હોય, અથવા અવરોધોને ઓળંગી જવા માટે વિમાન જેવું પ્રબલ સાધન ન હોય ત્યાં સુધી આપણા માટે પેલા ગામ જવાના મનોરથો ફોગટ જ જવાના છે, એ વસ્તુ સ્પષ્ટ દેખાય તેવી છે. રસ્તામાં નડતા પર્વતો અને ટેકરાઓ ભેદાઇ જવા જોઇએ. અને નદીનાલાઓ ઓળંગવા માટે પૂલ અગર નાવ જેવું સાધન હોવું જોઇએ. તેમજ આવતી અડચણો દૂર કરવાનું આપણી પાસે પ્રબળ સાધન હોવું જોઇએ, તેમજ પેલે ગામ જવાની આપણી તાલાવેલી પરાકાષ્ઠાએ પહોંચેલી હોવી જોઇએ. સાથે સાથે વચમાં વિલંબ થવાનું કારણ બને તો શરીર પોષણ માટે જરૂર પૂરતું ભાતું પણ જોઇએ. એવી તૈયારી હોય તો જ આપણે પેલી પાર જઇએ.

આપણે કાળા બજારીયા તરીકે નામના મેળવી હોય, અસત્ય બોલવામાં આપણે જરાપણ અચકાતા ન હોઇએ, છેતરપિંડી કરવામાં આપણને આપણી હોશીયારીનો આનંદ આવતો હોય, ચોપડાઓમાં અને હિસાબોમાં ઘાલમેળ કરવામાં આપણને મુસદ્દી-

---

લાગ્યો–એનાં ફળ એને ચાખવા પડશે એ આગળ જોવામાં આવશે અને છેવટે એને ખેડૂતના ભવમાં ઉપદેશ કેવી રીતે મળે છે તે પણ વિચારણીય છે. સંબંધ મીઠા બાંધવા, કચવાટો ઓછા કરી નાખવા અને વિકાસપંથમાં સહાયક થાય તેવું વાતાવરણ જમાવવાની જરૂર કેટલી છે તે આ ચરિત્રના ઉત્તરાર્ધ ભાગ પરથી જાણવામાં આવશે.

વિશ્વભૂતિના જીવે સાતમા દેવલોકનું ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવી લીધું. નયસારના ભવ પછી આ આઠમી વખત દેવગતિનો લાભ લીધો, વિશ્વભૂતિના ભવમાં મળેલ તકનો લાભ લઇ આત્મસાધના કરી, પણ છેડે જતાં અંતે નિયાણું કરી સંસાર વધારી મૂક્યો અને અંદરના ધમધમાટે રસ્તો બગાડી મૂક્યો. આવી રીતે પ્રાણી ઘણી વખત નજીવી બાબતમાં સંસારચક્ર પર ચઢેલાં પિંડને વિકૃત કરી નાખે છે, બેડોળ બનાવી દે છે, અને પાછો ચારે બાજુ અને ઉપર નીચે જોરથી આંટા ખાય છે. સાતમા દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી વિશ્વભૂતિનો જીવ પોતનપુર નગરે આવ્યો. (ચાલુ)

સ્વ૦ મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણું લાગતું હોય, દેશદ્રોહ કરી આપણી કમાણીમાં વધારો કરવામાં આપણે સુખનો અનુભવ કરતો હોઈએ અને એવા અનંત પાપો જાણી જોઈને સરેરાશ કરતા રહીએ અને સાથે સાથે ધાર્મિક ક્રિયાકાંડો કરી ખૂબ રાચતા હોઈએ, અને લોકોમાં ધર્મી તરીકે કહેવડાવવામાં ભૂષણ માનતા હોઈએ, ત્યારે આપણી એ ધર્મક્રિયા લજવાય કે ભૂષણભૂત થાય? એ તો મોઢે આટો ફાકતાં જઈએ અને કૂતરાની પેઠે ભસ્યા કરીએ એવો જ ઘાટ બને ને! બન્ને હાથે લાડવા ખવાતા નથી, એ પૂરેપૂરું ધ્યાનમાં રાખવું જોઈએ.

પ્રભુની પ્રાર્થના કરવા છતાંએ આપણું અંતઃકરણ જો ધીમે ધીમે પણ સુધરતું ન હોય તો એ પ્રાર્થના નાટકિયાની પેઠે કરેલી શુષ્ક દેખાવનો બકબકાટ જ છે એમાં સંશય નથી. અમારો એક બંધુ કહેતો હતો કે, આપણે પાપ તો કર્યે જ જઈએ છીએ અને સાથે સાથે પુણ્ય પણ કયાં નથી કરતાં? જેમ વેપારી સાંજે જમે ઉધારનો હિસાબ મેળવી નફાનુકસાનની તારવણી કરી શિલક મેળવી લ્યે છે, તેમ અમે પણ દરરોજ પાપપુણ્યની તારવણી કરી જ લઈએ છીએ. તેમાં પુણ્યની જમે બાજુ જ વધી જાય છે. ત્યારે થોડું પાપ કરીએ એમાં અમે શું ગુમાવવાના છીએ? આ અમારા મિત્રની ચતુરાઈ ખરેખર નમૂનાદાર છે. એ કહેઃ એક રાત્રિભોજન ન કરવામાં કેટલું પાપ ટળી જાય છે એ મહારાજ સાહેબે બતાવેલું છે, તે તમે જાણો છો? દેહરે જવાનું મનમાં ધારે ત્યારથી પ્રારંભી પૂજા કરી ઘેર આવતા સુધી અમને કેટલું બધું પુણ્ય બંધાય છે એ મેળવીએ ત્યારે થોડું પાપ એના કયા ખૂણામાં છુપાઈ જાય તે તો દેખીતું જ છે. મતલબ કે અમારા એ મિત્રની ગોઝારી દલીલો કોઈને પણ ગમી જાય એવી મીઠી લાગે એવી છે. પાપ પણ કર્યે જવું અને પુણ્ય પણ કર્યે જવું. કેટલી સુલભતા! કેટલો આનંદ! કેવો સીધો અને સાદો રસ્તો? એ ભાઈની એવી એવી દલીલો સાંભળીને કોઈપણ દંગ જ થઈ જાય ને! અમારી પણ સાન એ ભાઈએ ઠેકાણે લાવી મૂકી. ઘડીભર માટે અમને એણે અવાક્ બનાવી દીધા.

એ ભાઈની એવી મતલબી દલીલોમાં કેટલું વજુદ છે એનો આપણે હવે વિચાર કરીએ.

પાપ કે પુણ્ય એ કાંઈ અમુક દ્રવ્ય ક્રિયામાં હોતું નથી. એનું મૂળ સ્થાન મનોભૂમિકામાં હોય છે. કોઈ પણ પાપ કે પુણ્યની ક્રિયા આપણે કરતા હોઈએ અને એમાં આપણું મન પરોવાએલું ન હોય ત્યારે એમાંથી પાપ કે પુણ્ય નિષ્પન્ન થતું નથી. અને આત્માની સાથે એનો કોઈ પણ જાતનો સંબંધ જોડાતો નથી. કર્મનો લેપ આત્માની સાથે લાગી જવામાં મનનો સંબંધ અનિવાર્યપણે હોવો જ જોઈએ. અભાવિતપણે આપણે પ્રભુના અંગ ઉપર ટપકા કરતાં રહીએ અને અમુક કાર્ય કરવાની ઉતાવળ હોવાને લીધે ઝટ પૂજાનું કાર્ય આટોપી લઈએ એ કાંઈ પ્રભુપૂજા ન કહેવાય. એ તો પૂજાનું કાર્ય ગમે તે રીતે પૂરું કરી છૂટવાના કાર્ય જેવું શુષ્ક ક્રિયા જેવું થાય. જ્યાં સુધી એમાં મન જોડાએલું ન હોય ત્યાં સુધી એમાંથી કાંઈ ફળની આકાંક્ષા રાખવી એ સ્પષ્ટ રીતે મૂર્ખાઈ છે. કારણ કે—

**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।**

એટલે કર્મનો બંધ મનથી જ થાય છે અને કર્મથી મુક્તિ પણ મનથી જ થાય છે. કેવળ શારીરિક ક્રિયા એ બંધ અગર મોક્ષનું કારણ હોતી નથી. બાહ્ય ક્રિયા જડભાવે કે શુષ્ક રૂપે થતી રહે એમાં કાંઈ જ અર્થ નથી. જે ક્રિયામાં મન જોડાય છે, તે જ ક્રિયા ફળનું સ્વરૂપ ધારણ કરે છે; તે વિના નહીં.

પાપની ક્રિયાઓ જેટલી કરાય છે તે બધી ક્રિયાઓ સાથે મન જોડાએલું હોય છે અને એની પ્રેરણાથી જ બધું કાર્ય ચાલે છે તેથી જ પાપનો બંધ નિરપવાદપણે થતો રહે છે. એની પાછળ મનની જેટલી તીવ્રતા વધારે છે તે પ્રમાણમાં કર્મબંધની તીવ્રતા વધુ ને વધુ થયા કરે છે. અને ચીકણાં કર્મબંધો એ રીતે નિર્માણ થાય છે. એકાદ પાપકર્મ શરીરથી થઈ જાય અને પાછળથી પ્રશ્ચાત્તાપની માત્રા સારા પ્રમાણમાં ઉત્પન્ન થાય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનમાં તીવ્ર આંદોલનો જાગે છે. અને જેટલી ચિકાસથી કે તીવ્રતાથી કર્મ બંધ થએલ હોય છે તેટલા પ્રમાણમાં તે તીવ્રતા રહેતી નથી. અને ધીમે ધીમે તે કર્મના પરિણામો મૃદુ કે હળવા થતા જાય છે. અને પશ્ચાત્તાપની માત્રા વધતા અને મનના આંદોલનો તીવ્ર થતાં એવા પાપકર્મો શુષ્ક અને નિર્વીર્ય થઇ ભસ્મ પણ થઇ જાય છે. તેમ પુણ્યના કર્મોમાં હોતું નથી. પુણ્યના કર્મો પ્રયત્નપૂર્વક કરાય છે અને તેમાં મનને પરાણે જોડવા પ્રયત્ન કરવો પડે છે. પાપ કરવા જેમ પ્રવૃત્તિ-પ્રયત્ન કર્યા વગર સ્વભાવતઃ અભાવિતપણે થતી રહે છે અને મનને ભાવનારી હોય છે તેવા પુણ્ય કાર્ય કરવા તરફ હોતી નથી. આમ હોવાને લીધે જ પાપના કર્મબંધો નિકાચિત અને અભેદ્ય થઇ જાય છે. પુણ્ય જેને ગણવામાં આવે છે તે અનુષ્ઠાનો, પૂજા વિગેરે કાર્યો એ પોતે પુણ્ય હોતા નથી પણ પુણ્ય કર્મ આપણા મનમાં નિર્માણ થાય તે માટેના સાધનો છે. આપણે ભૂલથી સાધનને જ સાધ્ય માની લઇએ છીએ, તેને લીધે જ આપણી સમજુતીમાં ભૂલ થતી રહે છે. વંદિત્તાસૂત્ર બોલી સંભવિત બધા જ પાપોનો વિચાર કરી તે માટે મિચ્છામિ દુક્કડં આપવાથી કાંઇ કર્મો નષ્ટ થતા નથી. એ સૂત્રનો ઉદ્દેશ તો આપણને પાપ પ્રવૃત્તિથી જાગૃત રહેવાનું સૂચન કરે છે. સંસારમાં રહેલાના હાથે અનિચ્છાએ પણ ઘણા દોષો કરવા પડે છે પણ તેથી કાંઇ એ દોષ જ નથી એવી ગેરસમજુતી ન થઇ જાય માટે જ કરવી પડતી દોષની ક્રિયાઓ કાંઈ દૂષણ રહિત થઈ જતી નથી. એ દિશામાં જાગૃત રહેવા માટે જ એ સૂત્રનો ઉચ્ચાર કરવાની જરૂર બતાવવામાં આવી છે. પાપકર્મ એ પોતે પાપકર્મ છે જ એનું ભાન રહે અને તે કર્મપાશથી બનતી ત્વરાએ છૂટકારો મેળવવા માટે પ્રયત્ન થતો રહે અગર એમાં મનને રસ ન પડે એવો પ્રયત્ન કરવાનું એ સૂચન છે. એ વસ્તુ તરફ ધ્યાન જતું નથી એથી જ પાપનો બંધ નિબિડ અને અભેદ્ય થઇ જાય છે અને પુણ્યનો બંધ શુષ્ક અને શિથિલ થઈ જાય છે.

આપણી પુણ્ય ક્રિયા જો સાંસારિક સુખવૈભવ અને લાલસાને માટે જ થતી હોય-અને ઘણા ભાગે એ એવી જ હોય છે-તો તે આત્માની ઉન્નતિ માટે થાય એ સંભવિત જ નથી જ, કારણ તેની પાછળ વાસના, લાલસા અને ઐહિક લોભની માત્રા જ વિશેષ હોય છે. અને જ્યાં સુધી સાધ્ય નિર્દોષ ન થાય ત્યાં સુધી ઉત્કૃષ્ટ ફળની આકાંક્ષા રાખવી એ આકાશકુસુમ જેવી જ રહેવાની છે. દરેક પોતાના હૃદય ઉપર હાથ મૂકી એ ભાવનાની ચકાસણી કરી જોવી જેથી વસ્તુસ્થિતિનું એને ભાન થઇ આવશે.

મોટા સમારોહ સાથે અને ખૂબ જાહેરાતબાજી કરી જે અનુષ્ઠાનો કરવામાં આવે છે તેની પાછળ જ સ્વગૌરવ, પોતાની નામના અને ઢોલ વગાડી પોતે કેટલા પુણ્યવાન, ધર્મધુરંધર અને બધાથી જુદા અને અતિ માનવ છીએ એમ બતાવવાનો મોહ દૂર કરી શકતા નથી ત્યાં સુધી શુભ કર્મને બદલે અશુભકર્મની માત્રા જ વધતી રહે એ સ્વાભાવિક છે. લાંબી બિરૂદાવલી અને નામનાનો મોહ જ્યાં સુધી છૂટે નહીં ત્યાં સુધી પ્રાર્થના કે અનુષ્ઠાનોનો અવાજ આત્મા સુધી અને પરમાત્મા સુધી શી રીતે પહોંચી શકે? એનો અવાજ ઊંચે જવાને બદલે નીચે મોહરાજાની કચેરીમાં પહોંચી જશે એ નિર્વિવાદ છે. આપણે કરુણ સ્વર કે આપણું કરુણ ક્રંદન પ્રભુના કે પરમાત્માના કાન સુધી પહોંચાડવામાં એ નડતરો દૂર થાય ત્યારે જ તેનું કાંઇ શુદ્ધ પરિણામ આવવાની આશા રાખી શકાય. આપણું કરુણ ક્રંદન એ અરણ્ય રૂદનમાં જ પરિણમે એમાં શંકા નથી, માટે જ આપણી પ્રાર્થનામાં અને પ્રભુમાં કેટલું અંતર છે તે તપાસી લેવું જોઇએ. અને બંને વચ્ચે કયા કયા અવરોધો નડતરરૂપે ઊભા છે તેના પણ ચકાસણી થવી જોઇએ. અને એ નડતરો પ્રયત્ન કરીને દૂર કરવા જોઈએ, તો જ આપણી પ્રાર્થનાની સફલતા થવા સંભવ છે.

પહેલાં તો આપણામાંથી અહંભાવ સંપૂર્ણ નષ્ટ થવો જોઇએ. આપણે પોતે અપૂર્ણ, અજ્ઞાન અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અણઘડાએલા છીએ એ ભાવના અંતરમાંથી જાગવી જોઇએ. આપણને બીજા અનંત જીવો અવિકસિત લાગે તેમના માટે આપણે પૂર્ણ દયાની ભાવના કેળવવી જોઇએ. એ દયાની સાથે હું કેવો મોટો છું એવી તુચ્છ ભાવનાને અવકાશ હોવો નહીં જોઇએ. જ્યાં સુધી એ અહંભાવને આપણામાં અવકાશ હોય ત્યાં સુધી નક્કી સમજી રાખવું જોઇએ કે આપણે પોતે જ સંકુચિત છીએ. અને આપણો વિકાસ થવાને હજુ ઘણો અવકાશ છે. અને આપણી પ્રાર્થના પ્રભુના કાન સુધી પહોંચવામાં વિલંબ જ થવાનો છે. હું સાચો છું અને મને જ સંપૂર્ણ જ્ઞાન થઇ ગયું છે અને મારું જ બધાઓને સાંભળવું એમ માનવું જોઇએ, એવો અહંકાર આપણામાં જ્યાં સુધી પ્રત્યક્ષ હોય અને આપણે બીજાઓને મૂર્ખ જ માનતા હોઇએ, ત્યાં સુધી આપણા માટે જ્ઞાનના દરવાજા બંધ જ થઇ ગયા છે એ પૂરેપૂરું સમજી રાખવું જોઇએ.

જેનામાંથી અહંતાની ભાવના નષ્ટ થઇ જાય છે એ નિર્વૈર વૃત્તિનો થઇ જાય છે. અને નિર્વૈર વૃત્તિમાં જ આપણા આત્માનો વિકાસ છે એ સમજી રાખવું જોઇએ. અને એવી નિર્વૈર વૃત્તિ જાગતા આપણી લોકપ્રિયતા થવાની એ તેનું અચૂક પરિણામ છે. આપણે અમુક મનુષ્ય આવો મૂર્ખ છે, અને ફલાણો માણસ આવો અનધિકારી છે કે અમુક મનુષ્યો હજુ અપૂર્ણ જ છે એવું અઘટિત વચન બોલતા હોઇએ અને એમ ફરી મનમાં પોતે ફુલાતા હોઇએ ત્યાં સુધી આપણે બાલબુદ્ધી જ છીએ એ સમજી રાખવું જોઇએ. અને આપણો વિકાસ ઘણો જ દૂર છે એ સમજી રાખવું જોઇએ. અર્થાત્ આપણામાં અને પ્રભુમાં અનંત યોજનોનું આંતરું છે. અને એમ હોવાને લીધે પ્રભુની પ્રાર્થના કરવા જેટલી લાયકાત પણ આપણામાં આવી નથી એ સમજી રાખવું જોઇએ.

બધાઓને પ્રભુની પ્રાર્થનાનો હક મળે, તેમનામાં અને પ્રભુમાં જે આંતરું છે તે ઓછું થતું રહે અને પ્રભુમીલન પણ એમને સાધ્ય થાય એવી સદિચ્છા સાથે વિરમીએ છીએ.

# અદ્ભૂત વિવાદ–સભા

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

## એક જ દે ચીનગારી

ઉપરનું વાક્ય એ કોઇ કવિના હૃદય–ઉંડાણમાંથી સરેલું છે. એમાં એણે **ગાગરમાં સાગર** સમાવેલ છે દુનિયામાં એવી સંખ્યાબંધ નોંધો ઉપલબ્ધ થાય છે કે જ્યાં **એક જ ભૂલ** થવાથી **વિવાહટાણે વર્ષી** થઇ ગઇ હોય છે અને એનો પશ્ચાત્તાપ જીવનભર રહ્યા કરે છે. એ જ પ્રમાણે એવા પણ સંખ્યાબંધ ઉદાહરણ સાહિત્યના મહોદધિમાંથી તારવી શકાય કે જ્યાં પ્રાજ્ઞ પુરુષના મુખમાંથી શુદ્ધ અંતરનો એકાદ બોલ ઉદ્‌ભવતાં સાંભળનાર વ્યક્તિના જીવનમાં, કલ્પનામાં ન ઉતરે તેવો પલ્ટો સર્જાય છે. અહીં તેવા જ એક પ્રસંગનો ઉલ્લેખ કરવાનો છે.

'ભવ્યાત્માઓ! અહર્નિશ વહી જતી ઘટિકાઓમાં એકાદ પલભર ચિત્તને શાંત રાખી વિચાર કર્યો છે ખરો કે આ ભવસાગર તરવામાં કોણ **શરણભૂત** થશે? પરમાત્મા **મહાવીર દેવના** ટંકશાળી વચનો છે કે–"ઘર, મિત્ર, પુત્ર, સ્ત્રી અને અન્ય સ્વજન-પરિવાર, સર્વ પ્રકારનું ધાન્ય તેમ જ સઘળું રાચરચીલું અને સોનું–રુપું કે હીરા–માણેક આદિમાં મારાપણાનું મમત્વ ધરનાર આ હંસલો એક દિન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંખ મીચાતાં સદાને માટે એ સર્વને અહીં છોડીને ચાલ્યો જવાનો છે. એ વેળા સગાસંબંધી એની પાછળ મોટી પોક મૂકશે છતાં એથી એ પાછો ફરવાનો **નથી** જ 'મરનારાને રુવે માનવા, રોનારા પણ જનાર' એ કવિવચન એ વેળા કોઇને યાદ નથી આવતું પણ એ તો નિશ્ચિત છે કે **સંસારમાં** જન્મ લેનાર પ્રત્યેક જીવ પોતાને કે સંબંધીઓ માટે જે જે સાવદ્ય કાર્યો કરે છે, જે જે પાપાચરણ આચરે છે–એથી કર્મોના બંધનમાં લપેટાય છે અને જ્યારે એ કર્મોનો ઉદયકાળ આવે છે તે વેળા માત્ર બાંધનાર વ્યકિતને જ–એ એકલા જીવને જ–એમાંથી ઉદ્‌ભવતાં વિપાકો ભોગવવા પડે છે. એ સમયે પેલા સ્નેહીજનો–રાચીમાચીને પીઠ થાબડનારા સગાંઓ–કયાંયે ભ્રમણ કરતાં હોય છે. એટલે જ પ્રત્યેક આત્માએ **'ધાવ ખીલાવત બાળ'** જેવું જીવન જીવવું જરૂરી છે." ભગવંતનો એ ઉપદેશ શ્રવણ કરીને હે શ્રોતાજનો ! અહીંથી ખોળો ખંખેરીને ઊભા ન થતાં, શક્તિઅનુસાર સાધુ ધર્મ કે શ્રાવક **ધર્મ** અથવા તો પાળી શકો તેવા **વ્રત**–નિયમ લેશો. એ પાછળ અંતરનો ઉલ્લાસ ઝગહળતો હશે તો ગમે તેવો નાનકડો–અરે હાસીજનક નિયમ પણ આત્માને **પ્રગતિના** પંથે લઇ જશે.

'ભાવનાનું માપ ત્રાજવાથી ન તોળી શકાય. એ તો આત્મિક શક્તિ રહી. કઇ ક્ષણે વા કેવા સંયોગોમાં આત્મા વિચારશ્રેણીના પગથીઆ વટાવતો આગળ વધશે એ ઉચ્ચકક્ષાના જ્ઞાની સિવાય કોણ કહી શકે? છતાં ફળ તો ભાવનાની વૃદ્ધિ પર નિર્ભર રહે છે એ વાતમાં શંકાને સ્થાન **નથી** જ. એ કારણે ભાવવિહૂણી કરણીના મૂલ્ય ઓછા અંકાયા છે. જ્યારે ભાવશ્રેણી પર એકાગ્રતાથી ડગ માંડનારા **ભરત ચક્રી, પ્રસન્નચંદ્ર રાજર્ષિ** અને **નટ આષાઢભૂતિ** કામ કાઢી ગયા છે. તેથી જ તીર્થંકર દેવોએ ગૃહસ્થના ચાર ધર્મ–**દાન શીલ તપ ને ભાવ** દર્શાવી સવિશેષ વજન છેલ્લા **ભાવ** ઉપર મૂકેલ છે. આ મુદ્દાની વાત અંતરમાં અવધારી કંઇ ને કંઇ નિયમ ગ્રહણ કરશો અને એમાં ભાવનારૂપી પોલીશનો ઓપ ચઢાવશો તો **હરિબળ મચ્છી** કે **શ્રેષ્ઠિપુત્ર કમળ** માફક તમારો બેડો પાર થશે.'

આચાર્યશ્રીની દેશના પૂરી થતાં શ્રોતાગણમાંથી કેટલાક ભાઇ–બ્હેનોએ ઊભા થઇ, કર જોડી કેટલાક નિયમ લીધા. એ વેળા એક વૃદ્ધ કે જેના માથાના વાળ શ્વેત થયેલાં છે અને જેના અંગોપાંગ ઉપર જરા રાક્ષસીએ પોતાની છાયા વિસ્તારી છે એટલું જ **નહીં પણ** જેના મુખમાંની દંતપંકિત પણ અસ્થિરતા ધરવા લાગી છે અને ચહેરા પર કરચલીઓ ડોકિયાં કરી રહેલ છે, એ હસ્તદ્વય જોડી બોલ્યો કે:–

'ગુરુ મહારાજ ! આપનો ઉપદેશ સાંભળ્યા પછી મને આપશ્રીના ચરણસેવક થવાની ભાવના જાગી છે, જો કે મારામાં જ્ઞાન તો નહીં જેવું જ છે પણ વ્યવહારની આંટીઘુંટીમાં અથડવાથી અનુભવ અને ખરા–ખોટાનો તોલ કરવાની આવડત તો છે જ. વળી આપે જણાવ્યું તેમ અંતરના ઉભરાથી હું દીક્ષા લેવા તત્પર બન્યો છું એટલે આ નવા જીવનમાં પણ મારી જાતને બંધબેસતી કરવામાં અડચણ નહીં જ પડે.'

'મહાનુભાવ! ભાવના તો પ્રશંસનીય છે છતાં વય જોતાં તમારાથી ખાંડાની ધારે ચાલવા જેવા ચારિત્રનું પાલન થશે કે કેમ એ પ્રશ્ન છે! બીજો પ્રશ્ન છે તમારી સંસારી જવાબદારીનો! તમારા સગાવ્હાલા કોણ છે?'

'પૂજ્ય સંત ! આપનો પ્રશ્ન વ્યાજબી છે. વીતરાગ ધર્મમાં હું જો કે જન્મ્યો નથી પણ મારા પાડોશી દ્વારા એના કેટલાક કાનૂનોની મને ખબર છે. સાધુજીવનમાં કોઇ પણ વ્યક્તિને પ્રવેશ કરાવતાં પૂર્વે એની વય અને સગાસંબંધીની અનુમતિ વિચારાય છે. એ ઉભય વાતે મારા સંબંધમાં આપ નિશ્ચિત રહેશો કુદરતે સર્જેલી જવાબદારી બજાવવાના કારણે ભણવા કરતાં ગણવાનું અને સ્નેહના ખેંચાણ કરતાં એ તરફના વિરાગમાં વળવાનું પ્રમાણ સવિશેષ હોવાથી, આપશ્રીને ન તો હું ભારે પડીશ કે ન તો મારી પ્રત્યેનો કોઇ ઠપકો આપશે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦—(૧૭) સેવાર્તસંઘયણવાળો અને જઘન્ય બળવાળો જીવ ઊર્ધ્વગતિ અને અધોગતિમાં ક્યાં સુધી ઉત્પન્ન થઈ શકે?

બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે કે-यः सेवार्त्तसंहननो जघन्यबलो जीवस्तस्य परिणामोऽपि शुभोऽशुभो वा मन्द एव भवति, न तीव्रः ततः शुभाशुभकर्मबंधोऽपि तस्य स्वल्पतर एव, अत एव अस्य ऊर्ध्वगतौ कल्पचतुष्टयाद् ऊर्ध्वम्, अधोगतौ नरकपृथ्वीद्वयाद् अध उपपातो न भवति इति प्रवचने प्रतिपाद्यत, एवं कीलिकादिसंहननेष्वपि भावना कार्या इति अन्यत्रापि दृश्यम्।

અર્થ—જે જીવ સેવાર્ત્તસંહનન અને જઘન્ય બળવાળો હોય, તેના પરિણામ પણ શુભ યા અશુભ મંદજ હોય છે, તીવ્ર હોતા નથી તેથી શુભ કે અશુભ કર્મનો બંધ પણ થોડો જ થાય, આ જ કારણથી આ જીવ ઊર્ધ્વગતિમાં ચાર દેવલોક સુધી જાય અને અધોગતિમાં બે નરક સુધી જાય એટલે ત્યાં ઉત્પન્ન થાય-આ પ્રમાણે પ્રવચનમાં કહ્યું છે, એવી રીતે કીલિકા આદિ સંઘયણમાં પણ વિચાર કરવો.

પ્ર૦—(૧૮) જીવ મરણસમયે કયા કયા માર્ગવડે નિકલતો કઈ કઈ ગતિમાં જાય છે?

ઉ૦—જીવ મરણસમયે પગવડે નિકળે તો નરકે જાય, સાથળવડે નિકળે તો તિર્યંચગતિમાં જાય, હૃદયવડે નિકળે તો મનુષ્યગતિમાં જાય, મસ્તકવડે નીકળે તો દેવગતિમાં જાય, અને આખા શરીરમાંથી નિકળે તો સિદ્ધિગતિ-મોક્ષે જાય. શ્રી સ્થાનાંગસૂત્રના પાંચમા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં કહ્યું છે કે—

पंचविहे जीवनिज्जाणमग्गे, पं० तं० पायेहिं ऊरुहिं उरेणं सिरेणं सव्वंगेहिंप पायेहिं निज्जायमाणे निरयगामी भवति, उरुहिं निज्जायमाणे तिरियगामी भवइ, उरेणं निज्जायमाणे मणुयगामी भवइ, सिरेणं निज्जायमाणे देवगामी भवइ, सव्वंगेहिं निज्जायमाणे सिद्धिगतिपज्जवसाणे पन्नत्ते इति—આનો અર્થ ઉપર આવી ગએલ છે.

પ્ર૦—(૧૯) થીણદ્ધિ નિદ્રાવાળા જીવને, વાસુદેવના બળ કરતાં અર્ધું બળ શાસ્ત્રમાં કહ્યું છે, તે આ કાળમાં હોય કે નહિ?

ઉ૦—તે બળ હમણાં આ ક્ષેત્રમાં નથી, થીણદ્ધિ નિદ્રાવાળાને તે બળ પહેલાં સંઘયણવાળાને જ કહ્યું છે. હમણાં તો તે થીણદ્ધિ નિદ્રાવાળાને સામાન્ય માણસોના બળ કરતાં બમણું, ત્રણગણું અને ચારગણું બળ હોય પણ એથી અધિક બળ ન હોય, જે માટે નિશીથચૂર્ણિની પીઠિકામાં કહ્યું છે કે-थीणद्धीबलपरूवणा कज्जइ केसव अद्धगाहा, केसवो वासुदेवो जं तस्स बलं तव्वलाओ अद्धबलं थीणद्धिणो भवति तं च पढमसंघयणिणो, इयाणिं पुण सामन्नबला दुगुणं चउगुणं वा भवति, सो एवं बलजुत्तो, मा गच्छं रूसितो विणासेज्ज, तम्हा सो लिंगपारंची कायव्वो सो य माणुण तं भन्नइ "मुय लिंगं एत्थि तुह चरणं, जइ एवं गरुणा भणितो मुक्कं तो सोहणं, अह न मुयइ तां संघो समुदितो हरति, न एक्को मा एगस्स पदो संगमिस्सति" दुट्ठो य वा वादेस्सति, लिंगावहारणियमणत्थं भन्नइ. "अवि केवलगाहा" अवि संभावणे किं संभावयति इमं जतिवि तेणे व भवग्गहणेण केवलमुप्पाडेइ तहवि से लिंगं न दिज्जइ, तस्स वा अन्नस्स वा एस नियमो अणतिसइणो, जो पुण अवहिणाणाति सती सो जाणइ ण पुणए यस्स थीणद्धि निदोदओ भवति देइ से लिंगं इतरहा न देइ, लिंगावहारेणं पुण कज्जमाणे अयमुपदेशो, देसवओत्ति सावगो होही थूलगपाणादिवायादि नियत्तो पंचाणुव्वयधारी, ताणि वाण तरसि दंसणं गोह, दंसणसावगो भवाहित्ति भणितं भवइ, अह एवंपि अपुणेज्जामाणो नेच्छइ लिंगं मोत्तुं, ताहे रातो सत्तुं मोत्तुं पलायन्ति देशान्तरं गच्छन्तीत्यर्थः ॥

ભાવાર્થ—થીણદ્ધિ નિદ્રાના બળની પ્રરૂપણા કરાય છે, વાસુદેવને જે બળ હોય તેનાથી અર્ધું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળ થીણુદ્ધિ નિદ્રાના ઉદયવાળાને હોય છે, તે બળ પ્રથમ સંઘયણવાળાને જાણવું. આ કાળમાં સામાન્ય માણુસના બળ કરતાં થીણુદ્ધિ નિદ્રાના ઉદયવાળાને બમણું, ત્રણગણું કે ચારગણું બળ હોય છે. આવા બળવાળો ગુસ્સે થયેલ સાધુ ગચ્છનો નાશ ન કરે તે માટે તેને લિંગપારંચી કરવો એટલે તેને પ્રેમભાવથી કહેવું કે તું સાધુવેશ મૂકી દે, તને ચારિત્રની પ્રાપ્તિ નથી. એમ કહેવાથી જો વેશ મૂકી દે તો સારું, અથવા ન મૂકે તો સંઘ મળીને તેનો વેશ ઉતારી લે, જો એક માણુસ વેશ ઉતારે, તો તે દુષ્ટ સાધુ એકલાને મારે એટલે વેશ ઉતારનારને અનર્થની પ્રાપ્તિ પણ થાય "अपि केवलगाहा" અહિં અપિ શબ્દ સંભાવના અર્થમાં છે, શું સંભાવના કરે છે-જો કે આ થીણુદ્ધિ નિદ્રાના ઉદયવાળો જીવ તેજ ભવમાં કેવળજ્ઞાન ઉપાર્જન કરે એવો હોય તો પણ તેને અથવા બીજાને સાધુ વેશ અપાય નહિ. આ નિયમ અતિશય રહિત સાધુઓ માટે છે, જે સાધુ અવધિજ્ઞાનના અતિશયવાળો હોય તે જ્ઞાનથી એમ જાણે કે આને થીણુદ્ધિ નિદ્રાનો ઉદય થતો નથી તો તેને સાધુવેશ આપે, તે સિવાય ન આપે, વેશ ઉતારતાં પહેલાં થીણધ્ધી નિદ્રાવાળા સાધુને આ પ્રમાણે ઉપદેશ કરવો કે હે ભદ્ર! તને ચારિત્રની પ્રાપ્તિ નથી માટે તું સાધુ વેશ મૂકીને સ્થૂલ પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ પાંચ અણુવ્રતધારી શ્રાવક થા, અથવા પાંચ અણુવ્રત ધારણ ન કરી શકે તો સમ્યક્ત્વને ગ્રહણ કર અને દર્શન શ્રાવક થા. આ પ્રમાણે સમજાવ્યા છતાં પણ જો સાધુ વેશ મૂકવાને ન ઈચ્છે તો તેને સૂતો મૂકીને સાધુએ દેશાન્તર ચાલ્યા જવું, એ પ્રમાણે બૃહત્કલ્પમાં પણ જાણવું. જીતકલ્પની ટીકામાં તો-यदुदयेऽतिसंक्लिष्टपरिणामाद् दिनदृष्टनर्थमुत्थाय प्रसादयति केशवार्द्धबलश्च जायते तदनुदयेऽपि च स शेषपुरुषेभ्यस्त्रिचतुर्गुणबलो भवति इयं च प्रथमसंहनिन एव भवति इत्युक्तमस्ति ॥

**અર્થ**-જે થીણધ્ધી નિદ્રાના ઉદયમાં અતિ એટલે ઘણા સંકિલષ્ટ પરિણામથી દિવસે જોએલ (ચિંતવેલ) કાર્ય રાત્રિમાં ઊઠીને કરી દે તે વખતે તેનામાં વાસુદેવ કરતાં અર્ધું બળ હોય છે. તે નિદ્રાના અનુદયમાં પણ તે માણુસમાં બીજા માણસો કરતાં ત્રણ અને ચારગણું બળ હોય છે, આ વાત પ્રથમ સંઘયણવાળાને આશ્રયીને કહી છે. (ચાલુ)

# 'તપ' ગચ્છનાં છ નામ અને એની ઉત્પત્તિ

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જગત્ પરિવર્તનશીલ છે. આને લઈને કેટલાક સચેતન તેમજ અચેતન પદાર્થોનાં નામ બદલાયેલાં અને બદલાતાં જોવાય છે. આજે પણ આપણે જોઈએ છીએ કે કેટલાક મનુષ્યનાં એક કરતાં વધારે નામથી વ્યવહાર કરાય છે. કેટલાંક નગરનાં નામ બદલાયાં છે. કોઈ કોઈ શહેરના લત્તાઓના, એની સડકના તેમજ એના બાગનાં નામ પણ બદલાયાં છે. અહીંનો (સુરતનો) જ વિચાર કરતાં જણાય છે કે બ્રિટિશ અમલ દરમ્યાન જે બાગ "રાણીનો બાગ" કહેવાતો હતો તેને આજે કેટલાંક વર્ષથી 'ગાંધી બાગ' તરીકે ઓળખાવાય છે. આ પરિસ્થિતિમાં 'તપ' ગચ્છનાં વિવિધ નામ યોજાયેલાં જણાય તેમાં કશી નવાઈ નથી. આજે જેને 'તપ' કે 'તપા' ગચ્છ કહે છે તે તો એ ગચ્છનું છઠ્ઠું નામ છે. 'તપ'ની પહેલાંનાં પાંચ નામો તે કયા તેમજ એ ગચ્છનાં છ નામ શાથી અને ક્યારે પડ્યાં એ બાબતો ન્યાયાચાર્ય યશોવિજયગણિએ જે સાડાત્રણ સો ગાથાનું સ્તવન રચ્યું છે તેની સોળમી ઢાલમાં રજૂ કરી છે. પ્રસ્તુત કડીઓ નીચે મુજબ છે:-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"નામ 'નિગ્રંથ' છે પ્રથમ એહનું કહ્યું,
પ્રથમ અડ પાટ લગેં ગુરુગુણે સંગ્રહ્યું;
મંત્ર કોટી જપી નવમ પાટે યદા,
તેહ કારણ થયું નામ 'કૌટિક' તદા. ૧૯
પનરમે પાટે શ્રીચન્દ્રસૂરિ(રે) કર્યું,
'ચન્દ્ર' ગચ્છ નામ નિર્મલપણે વિસ્તર્યું;
સોલમે પાટ વનવાસ નિર્મમ યતિ,
નામ 'વનવાસી' સામન્તભદ્રો યતિ. ૨૦
પાટ છત્રીસમે સર્વદેવાભિધા,
સૂરિ 'વડ' ગચ્છ તિહાં નામ શ્રવણે સુધા;
વડ તલેં 'સૂરિ' પદ આપિયું તે વતી,
વલી ય તસ બહુ ગુણે તે(જે)હિ વાધ્યા યતિ. ૨૧
સૂરિ જગચન્દ જગ સમરસે ચન્દ્રમા,
જેહ ગુરુ પાટે ચઉ અધિક ચાલીસમા;
તેહ પામ્યું 'તપા' નામ બહુ તપ કરી,
પ્રગટ 'આઘાટ'પુરિ વિજયકમલા વરી. ૨૨
એહ ષટ્ નામ ગુણઠામ 'તપ' ગણ તણા,
સુદ્ધ સદ્દહણ ગુણરયણ એહમાં ઘણા."

આમાં જે માહિતી અપાઈ છે તે કયા ગ્રંથને આભારી છે તે કર્તાએ જણાવ્યું નથી. મને લાગે છે કે મહોપાધ્યાય ધર્મસાગરગણિકૃત **તપગચ્છપટ્ટાવલી** અને એની સ્વોપજ્ઞ વૃત્તિ જેવી કૃતિ ઉપરથી આ માહિતી અપાઈ હશે. ઉપર્યુક્ત કડીઓ ઉપરથી આપણે નીચે મુજબની બાબતો તારવી શકીએ:—

(૧) 'તપ' ગચ્છનાં એકંદર છ નામ છે. (અ) નિર્ગ્રન્થ, (આ) કૌટિક, (ઇ) ચન્દ્ર, (ઈ) વનવાસી, (ઉ) વડ અને (ઊ) તપ.

(૨) 'નિર્ગ્રન્થ' નામ શાથી પડ્યું તેનો ઉલ્લેખ નથી બાકી બીજાં નામ માટે સૂચન છે. જેમકે (સુસ્થિતસૂરિએ અને સુપ્રતિબદ્ધસૂરિએ) સૂરિમંત્રનો એક કરોડ વાર જાપ કર્યો તેથી આ ગચ્છનું નામ 'કૌટિક' પડ્યું. (વજ્રસેનસૂરિના શિષ્ય) ચન્દ્રસૂરિના નામ ઉપરથી આ ગચ્છનું નામ 'ચન્દ્ર' યોજાયું. (આ ચન્દ્રસૂરિના પટ્ટધર અને) મમત્વથી મુક્ત મતિવાળા **સામન્તભદ્ર** મુનિ વનમાં વસ્યા—એ ઉપરથી આ ગચ્છ 'વનવાસી' કહેવાયો. **સર્વદેવસૂરિએ** (ઉદ્દ્યોતનસૂરિએ) વડના વૃક્ષ, નીચે 'આચાર્ય' પદવી આપી અને એમના સાધુઓનો સમુદાય વડની માફક વિસ્તર્યો એથી 'વડ' ગચ્છ નામ પડ્યું.[1] જગચ્ચન્દ્રસૂરિએ ખૂબ તપશ્ચર્યા કરી તેથી 'તપા' નામ પડ્યું.

(૩) પહેલું 'નિર્ગ્રન્થ' નામ (સુધર્મસ્વામીથી) આઠ પાટ સુધી કાયમ ચાલુ રહ્યું. પંદરમી પાટે 'ચન્દ્ર' નામ યોજાયું. સોળમી પાટે 'વનવાસી' નામ પડ્યું અને તે પાંત્રીશમી પાટ સુધી કાયમ રહ્યું. ત્યાર બાદ છત્રીસમી પાટે 'વડ' ગચ્છ નામ યોજાયું તે એંતાલીસમી પાટ સુધી ચાલ્યું. ચુમ્માલીસમી પાટે 'તપા' નામ પડ્યું (અને તે આજ દિન સુધી ચાલુ છે.)

**જૈન પરંપરાનો ઇતિહાસ**ના બીજા પરિશિષ્ટમાં ૮૪ ગચ્છનાં નામ તેના આદ્ય આચાર્ય અને સાલવારીના ઉલ્લેખપૂર્વક અપાયાં છે. એમાં નિર્ગ્રન્થ, કૌટિક, ચન્દ્ર, વનવાસી, વડ અને તપા ગચ્છને અંગે અનુક્રમે નિમ્નલિખિત વર્ષનો ઉલ્લેખ છે:—

**વીરસંવત્ ૧, વીરસંવત્ ૨૯૧, વીરસંવત્** ૬૦૬, **વીરસંવત્** ૬૫૦, વિક્રમ **સંવત્** ૯૮૫ અને વિક્રમસંવત્ ૧૨૮૫.

અહીં પૃ. ૬૧૭માં 'વડ' ગચ્છના આદ્ય આચાર્ય તરીકે વનવાસી આચાર્ય ઉદ્યોતન એવો ઉલ્લેખ છે. 'ઉદ્યોતન'ને બદલે ઉદ્દ્યોતન એવી જોડણી જોઈએ.

વાચક **યશોવિજયગણિએ** 'તપ' ગચ્છની પ્રશંસા કરી છે. કોઈ કોઈ [2]કૃતિમાં તો આ ગચ્છને એમણે "નંદન વન"ની ઉપમા છે.

---

૧ એમણે આઘાટપુરીમાં—ચિતોડના રાજાની રાજધાનીમાં બત્રીશ દિગંબરાચાર્યો ઉપર વિજય મેળવ્યો હતો.

૨. દાખલા તરીકે જુઓ સાડી ત્રણસો ગાથાનું સ્તવન (ઢાળ ૧૭, કડી ૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કડવાં ફળ છે રે.....ક્રોધના

લેખક : **શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ**

ક્રોધની સજ્ઝાયમાં પૂ. ઉદયરત્નજી આપણને ક્રોધના કટુ પરિણામોનું ભાન કરાવી આપણાં સુષુપ્ત દિલને જગાડે છે. સમજો...સમજો...“**કડવાં ફળ છે રે...ક્રોધના...**” ક્રોધના ફળ મીઠાં નથી, કડવાં છે. કદાચ સ્વાર્થ દૃષ્ટિએ હિત લાગતું હશે તો તે ક્ષણિક છે. અંતે તો વિનાશ જ છે. એ તો છે અધોગમનનો માર્ગ !

આ કંઈ કોઈ લહેરીલાલાએ ઉપજાવી કાઢેલ વાત નથી. એ તો છે જ્ઞાનીઓના વચન ! અનુભવની વાણી “**જ્ઞાની એમ બોલે**” આ છે જ્ઞાનીઓના વચન...

ક્રોધના પરિણામ કટુ તો છે જ પણ એ છે હળાહળ વિષ સમાન...કડવી વસ્તુ ખાધી અને ઉપર દવા પી લીધા એટલે અસર ન થાય, એવું ક્રોધની બાબતમાં નથી. એ તો અસર કરે જ. અને...એટલા માટે જ પૂ. ઉદયરત્નજી કહે છે કે–

“**રીસતણો રસ જાણીએ જી...હળાહળ તોલે...**”

ક્રોધી મનુષ્યને જોયો છે? આપણે ક્રોધ કર્યો હોય ત્યારે આપણી શી સ્થિતિ થાય છે? ત્યારે નથી રહેતું સ્થિતિનું ભાન કે નથી આવતો પરિણામનો ખ્યાલ ! ક્રોધથી પોતાનું અહિત થાય છે એવો ખ્યાલ એ સમયે આપણને કેમ નહિ આવતો હોય? આપણે એવા સમાચારો પણ સાંભળીએ છીએ કે ક્રોધથી મનુષ્ય બીજા પરનો રોષ પોતાની જાત ઉપર જ ઉતારે છે!

ક્રોધને લીધે મનુષ્યને કયાંય અજંપો જ વળતો નથી. સર્વદા તે ચિંતામાં જ રહે છે. આવા મનુષ્યને વિચારો ઘણા આવે છે. ક્રોધને લીધે માનસિક અસર થાય છે એટલું જ નહિ પણ શારીરિક અસર એટલી જ થાય છે આવા મનુષ્યને ભોજન ભાવતું નથી. કોઈ કાર્યમાં એકાગ્રતા આવતી નથી. શરીર ગરમ રહે છે અને આંખો તો થઈ જાય છે લાલચુમ !

ક્રોધથી ઐહિક હિતોને નુકશાન થાય છે એટલું જ નહિ પણ આધ્યાત્મિક પ્રગતિમાં જબ્બર ફટકો લાગે છે. પૂ. ઉદયરત્નજી આપણને જણાવે છે કે–

“**ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફળ જાય,**
**ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે નવી થાય.**”

તપસ્યા ઘણી કરી હોય, અપૂર્વ પુણ્ય ઉપાર્જન કર્યું હોય પણ ક્રોધથી એ સર્વ પર પાણી ફરી વળે છે ! તપસ્વી સૌમ્ય જ હોય. તપસ્વીમાં તામસી પ્રકૃત્તિ હોય જ કેમ ? અને...જે કાર્ય ક્રોધથી કર્યું હોય તેમાં શો ભલીવાર વળે ? આપણે કોઈવાર એકાસણું કે ઉપવાસ કર્યો હોય અને સમયસર સગવડ ન થઈ હોય તો બગાડી ઊઠીએ કે–“હજુ સુધી પાણી કેમ ગરમ નથી કર્યું ? શું અમને તરસ નહિ લાગી હોય ?” અરે મન ! આ તપશ્ચર્યા કરવાનો ઉદ્દેશ શો ?

પૂ. ઉદયરત્નજી એટલા માટે જ તો આપણને દૃષ્ટાંત આપી કહે છે કે–

“**સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ્ય,**
**શિષ્યના ક્રોધથકી થયો, ચંડકોશીયો નાગ.**”

અને...પૂ ઉદયરત્નજી ભગવંત શ્રી મહાવીરસ્વામીના જીવન સાથે સંકળાયેલ ચંડકૌશિક સર્પના પૂર્વ જીવનની ઝાંખી કરાવે છે.

એ હતા મુનિરાજ ! વળી તપસ્વી ! પણ... એકદા કંઈક કારણસર શિષ્ય પર ગુસ્સે થયા અને શિષ્યને માર માર્યો પણ દૈવવશાત્ તેઓ થાંભલા સાથે અથડાયા અને કાળધર્મ પામ્યા.

ક્રોધનું પરિણામ તેમને સર્પયોનિમાં ખેંચી ગયું. રે ક્રોધ ! તારો પ્રભાવ !

ક્રોધ અગ્નિ સમાન જ છે. એક સુભાષિતકારે સાચું કહ્યું છે કે:– न क्रोधेन समो वह्निः। ઉદયરત્નજી પણ શું કહે છે?

“**આગ ઉઠે જે ઘરથકી, તે પહેલું ઘર બાળે,**
**જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે**”



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઈ પણ આગ લાગી હોય તે બૂઝેડે જ છે. તો ગાળો વગેરેથી લાગેલી આગને ટાઢવા ન ઈચ્છી હોય તેને કેવું પરિણામ આવે ? કોઈને ટાઢવા માટે એવું શું પાણી લીધેલ છે? એ છે ક્ષમા.

ક્ષમા કેળવવાની રીત સમાસ્નેહીઓ સાધેલો [illegible] થોડા કરે છે. એવા મનુષ્ય પ્રતિ કેવો સ્નેહ હોવો જોઈએ માટે જ ઉદયરત્નજી કહે છે કે–

'ક્રોધ સદા પ્રતિ ક્રોધીથી, કહે ઉદયરત્નજી;
કાયા કરે તો ઉદરની, જન્મજન્મ એમ જ જાણી.'

હવે પૂ. ઉદયરત્નજી આપણને ઉચ્ચી શીખ આપી જણાવે છે કે–

'ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી;
કાયા કરજો રે નિર્મળી, ઉપશમ રસે નાહી.'

ક્રોધને કાઢી નાખજો...ફેંકી દેજો...હડાવી...સર્વ કાયાથી ફેંકી દે તેમ...અને દેહને એ ક્ષમા–સરિતામાં નાહીને નિર્મળ બનાવજો કારણ કે–

કડવાં ફળ છે ક્રોધનાં......

## પુસ્તકોની પહોંચ

૧. **વર્ધમાન તપમાહાત્મ્ય**—સંપાદકો–પં. શ્રી કનકવિજયજી ગણિવર તથા પં. શ્રી કાન્તિવિજયજી ગણિવર, પ્રકાશક–કલ્યાણ પ્રકાશન મંદિર–પાલીતાણા, ક્રાઉન સોળપેજી પૃષ્ઠ ૩૫૦, પાકું બાઈડીંગ, મૂલ્ય રૂા. ત્રણ

"વર્ધમાન તપ માહાત્મ્ય" નામનો "કલ્યાણ" માસિકનો લગભગ ૨૪ ફરમાનો વિશેષાંક પ્રકટ થયેલ તેનો સમાજમાં ખૂબ ઉઠાવ થવાથી તે જ રસસામગ્રીને આ ગ્રંથમાં સંગ્રહિત કરવામાં આવી છે. આ ગ્રંથમાં વર્ધમાન તપનો મહિમા અને આરાધનાનો ઇતિહાસ સંકલિત કરવામાં આવ્યો છે. "વર્ધમાન તપ"ના માહાત્મ્યને તેમજ તેના આચરણને સૂચવતા વિવિધ ત્રીશ હૃદયંગમ લેખો આ ગ્રંથમાં સંગ્રહિત કરવામાં આવેલ છે. સંપાદક મુનિરાજો વિદ્વાન હોવાથી આ ગ્રંથને સારી રીતે સમૃદ્ધ કરવામાં આવેલ છે. આ પ્રકારનો આ પ્રથમ જ પ્રયાસ હોઈ આવકારદાયક છે.

૨. **બિંદુમાં સિંધુ**—લેખક: પ્રસિદ્ધવક્તા મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ (ચિત્રભાનુ) પ્રથમ પ્રકટ થયેલ આ જ પુસ્તિકાની આ બીજી આવૃત્તિ, પૂજ્ય મુનિરાજશ્રી ચંદ્રકાંતસાગરજી મહારાજના નવ લાખ નવકારના જાપના સ્મરણાર્થે વિવિધ સહાયકો તરફથી પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ પુસ્તકમાં, પૂજ્ય મુનિમહારાજે ચિંતનશીલ અને ભાવવાહી કણિકાઓ પીરસી છે, જે જનસમાજમાં ઘણી જ લોકપ્રિય નીવડી છે. સભાને આ પુસ્તક ભાવનગરનિવાસી વ્રજલાલ ભીખાભાઈ દલાલ તરફથી ભેટ મળેલ છે.

૩. **આત્મજાગૃતિ**—લેખક પ્રસિદ્ધવક્તા મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ (ચિત્રભાનુ) પ્રકાશક–"જૈન" પત્ર–ભાવનગર. શેઠ ડોસાભાઈ અભેચંદની પેઢીએ આ ગ્રંથની કેટલીક નકલો ખરીદેલ તેમના તરફથી સભાને ભેટ મળેલ છે. આ પુસ્તકમાં વિદ્વાન મુનિરાજશ્રીના ભાવનગર અને અન્ય સ્થળોએ અપાયેલા જાહેર વ્યાખ્યાનોનો સારભાગ સુંદર રીતે આપવામાં આવેલ છે. મુનિરાજશ્રી જ્ઞાનરસિક હોવા ઉપરાંત વિદ્વાન વ્યાખ્યાતા હોવાથી તેઓશ્રીનો આ સંગ્રહ લોકભોગ્ય બન્યો છે.

૪. **MAHAVIR**—શ્રી વલ્લભસૂરિ સ્મારક નિધિ–મુંબઈ તરફથી આ પ્રથમ પુષ્પ પ્રકટ કરવામાં આવેલ છે. ભગવંત મહાવીરના જીવનને અંગે ગુજરાતી ભાષામાં ઘણા ગ્રંથો મળે છે પણ ઇંગ્લીશ ભાષામાં, સંક્ષિપ્ત છતાં મુદ્દાસર એક પણ પુસ્તક ન હતું તેથી ભગવંત મહાવીરના જીવનના દરેક અંશોને સ્પર્શીને આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Reg. No. B. 156

## ખેદકારક સ્વર્ગવાસ

ભાવનગરનિવાસી શા [illegible] વર્ષની વયે ગત આસો વદ ૯ ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓ આપણી સભાના વાર્ષિક મેમ્બર હતા અને સભાના કામકાજમાં રસ લેતા હતા. ધાર્મિક-પુસ્તકો વાંચવાનો તેમને સારો શોખ હતો. તેમના સ્વર્ગવાસથી તેમના આપ્તજનો પર આવી પડેલ દુઃખ પ્રત્યે દિલસોજી દર્શાવી, સ્વર્ગસ્થના આત્માની શાંતિ પ્રાર્થીએ છીએ.


### શ્રાવકજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદરે ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

નવી આવૃત્તિ પ્રગટ થઇ ચૂકી છે

### બાર વ્રતની પૂજા—અર્થ સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

### અધ્યાત્મકલ્પદ્રુમ (શ્રી મહાવીર જૈન વિદ્યાલય-પ્રકાશન)

લેખક-સ્વ૦ મૌક્તિક

ખરેખર જ આત્માની સાચી શાંતિ મેળવવી હોય તો આ ગ્રંથ અવશ્ય વાંચો. સુવર્ણ સરીખા આ ગ્રંથનું વિશેષ વર્ણન શું કરવું ? આ ચોથી આવૃત્તિ જ તેની ઉપયોગિતા જાહેર કરે છે. પાકું હાફ કલોથ બાઈડીંગ, સુંદર જેકેટ, ક્રાઉન આઠ પેજી, ૪૮૦ પૃષ્ઠ છતાં મૂલ્ય માત્ર રૂા. ૬-૪-૦ લખો:-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર


મુદ્રક : ગિરધરલાલ ફુલચંદ શાહ-સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.